મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૫૬ ટકા

ગાંધીનગર તાપમાન

શહેર રંગબેરંગી રોશનીથી ઝળહળશે

દિવાળીમાં દિવડાઓની દિવ્ય જયોત સાથે વૉર્મ વ્હાઈટ કલરની બોલબાલા : એલઈડી સ્ટેડી કલરની લાઈટ હોટ



ગાંધીનગર, તા.૨૨

દિવાળી આવવાને બસ હવે ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે શહેરના દરેક ઘરોમાં દિવાળીની સજાવટ થશે. જેમાં ખાસ પ્રકાશ ફેલાવતા દીવડા સાથે રંગબેરંગી લાઈટથી શહેરના દરેક ઘર ઝગમગી ઉઠશે. શહેરના દરેક ઘરોમાં લગભગ અગિયારસથી જ દીવડા પ્રગટાવવાની શરૂઆત થઈ જાય છે સાથે રંગબેરંગી લાઈટની સિરીઝથી ઘરનું પ્રાંગણ અને બારીઓ ઝગમગી ઉઠે છે. અલગ અલગ કલરના પ્રકાશ ફેલાવતા નાના બલ્બ, એલઈડી લાઈટ ઝુમ્મર, લાઈટવાળા દીવડાથી દરેક ઘર શોભી ઉઠે છે. આ દરેક પ્રકારની નાનાથી લઈ મોટા બલ્બની સિરીઝ શહેરમાં વેચાઈ રહી છે. જેમાં નાની લાઈટની સિરીઝ લગભગ ૧૦૦ રૂ., દિવડાની સિરીઝ રૂ. ૨૦૦ એમ અલગ અલગ ભાવથી વેચાઈ રહી છે.

નવા વર્ષને રોશનીથી આવકારવા શહેરીજનો તૈયાર છે ત્યારે શહેરમાં તહેવારો દરમિયાન ખાસ વપરાતી એલઈડી લાઈટ નાનાથી લઈ મોટા બલ્બની સિરીઝ, લાઈટવાળા દિવડાની સિરીઝ, ભગવાન ઉપર રખાતા લાઈટવાળા ઝુમ્મર, મોટા ઝુમ્મર, કલર બદલતી લાઈટ જેવી વિવિધ પ્રકારની લાઈટ સાથે એલઈડી બલ્બ ઉપરાંત ડિઝાઈનવાળા રંગબેરંગી બલ્બ શહેરની માર્કેટમાં વેચાઈ રહ્યા છે જેની કિંમત લગભગ રૂ. ૧૦૦ થી લઈ ૫૦૦ સુધીની છે.

શહેરના વેપારીના જણાવ્યા અનુસાર દર વર્ષે દિવાળી આવતા જ અલગ અલગ પ્રકારની નવિનતા ધરાવતી લાઈટ બજારમાં આવતી જ રહે છે. પરંતુ લાઈટોમાં વૉર્મ વાઈટ કલર દરેકનો ફેવરીટ છે. આ વર્ષે એલઈડી સ્ટેડી કલર લાઈટનો ગ્રાહકોમાં ક્રેઝ જોવા મળી રહ્યો છે.

સચિવાલય પાસે રૂપિયા ૫૦૦ દંડ નહીં ભરૂ, કહી નાગરિક માર્ગ પર સુઈ ગયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં ટ્રાફિક સમસ્યા ખુબ વકરી રહી છે, ત્યારે શહેરમાં અડચણરૂપ અને નો પાર્કીંગમાં ઉભા રહેલી ગાડીઓ સામે ટ્રાફિક પોલીસે લાલ આંખ કરી છે. ત્યારે ગાંધીનગર સચિવાલય ગેટ પાસે મંગળવારના રોજ એક અજીબો-ગરીબ ઘટના પ્રકાશમાં આવી છે. જેમા નો પાર્કીંગમાં રહેલી કારને પોલીસ તંત્ર દ્વારા લોક કરીને દંડનીય કાર્યવાહી કરવામાં આવતા કડીના રહીશો હોહા મચાવી હતી. આ પ્રકારના કાયદા કોને બનાવ્યા છે. અમે મત આપીને જીતાડ્યા છે કહીને ગુસ્સો ભરાયેલા નાગરિક તો માર્ગ પર સુઈ

ગયા હતા. ભારે હોબાળા બાદ પાસે રહેલા ભાઈએ વડીલને સમજાવતા તેઓ રૂ. ૫૦૦ દંડ ભરી ઘરે જવા માટે રવાના થયા હતા.

પ્રાપ્ત માહીતી મુજબ નવા સચિવાલય ગેટ નં-૪ પાસે સાંજના સુમારે માર્ગ પર ટ્રાફિકજામની પરિસ્થિતિ સર્જાઈ હતી. જેને પગલે ટ્રાફિક પોલીસ માર્ગ પરનો પાર્કીંગ ઝોનમાં ઉભી રહેલી એક કારને લોક મારી દીધી હતી. જેને પગલે થોડા સમય બાદ બે ત્રણ નાગરિકો આવ્યા હતા, જેમાં એક નાગરિકે ટ્રાફિક પોલીસ પાસે રકઝક કરી હતી. પ્રાપ્ત માહિતી મુજબ વડીલ કડી વિસ્તારના હતા અને આવા કાયદા કોણે બનાવ્યા છે? અમે ખોબલે ખોબલે મત આપીને જીતાડ્યા છે દંડ નહી ભરુ જેવા શબ્દો બોલીને માર્ગ પર જ વડીલ સુઈ ગયા હતા, જેને પગલે મોટી સંખ્યામાં કર્મચારીઓ તેમજ અન્ય નાગરીકો એકઠા થઈ જતા નાગરીક સાથે રહેલા અન્ય ભાઈએ તેમનો સમજાવ્યા હતા અને શાંત પાડ્યા હતા, ત્યારબાદ રૂ.૫૦૦ દંડ ભરીને કડીના રહીશો રવાના થયા હતા.

ગાંધીનગર તાલુકાના ૨૨૫ દિવ્યાંગ બાળકોને પૂ. ઉદયવલ્લભસુરિજીની હિતશિક્ષા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સેકટર-૨૨માં જૈન દેરાસર ખાતે જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસુરિજી મહારાજ ચાતુર્માસે બિરાજમાન છે. જેમનું માર્ગદર્શન સતત શહેરીજનોને પ્રાપ્ત થઈ રહ્યું છે. આજે જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસુરિજીએ તાલુકાના ૨૨૫ દિવ્યાંગ બાળકોને માર્ગદર્શન આપવા સાથે મિઠાઈ-નાસ્તાની કીટની ભેટ આપી પ્રોત્સાહિત કરતા બાળકોના ચહેરાં આનંદથી ખિલી ઉઠયા હતા.

ગાંધીનગર તાલુકાના ઉવારસદ ખાતેના સદપરિવાર સંચાલિત દિવ્યાંગ પુનર્વસન કેન્દ્ર તથા સેકટર-૨૮ની સમર્પણ મૂકબધિર શાળાના કુલ મળીને ૨૨૫ દિવ્યાંગ બાળકો આજે જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસુરિજીની હિતશિક્ષા લેવા આવ્યા હતા. દિવાળી વેકેશન પૂર્વે હિતશિક્ષા લેવા પધારેલા શારીરિક રીતે પડકારોનો સામનો કરી રહેલ બાળકોને પૂ. મહારાજ સાહેબે જીવનોપયોગી ઉપદેશ આપ્યો હતો અને તમામ બાળકોને તેમનામાં રહેલ આગવા કલા-કૌશલ્યને નિખારવા પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમના સમાપને વર્ધમાન ગ્રૂપના યુવાનો દ્વારા વ્યવસ્થા કરાયેલ કીટ જેમાં અડધો કિલો મિઠાઈ અને એક કિલો નમકીનનો સમાવેશ થતો હતો તે મહારાજ સાહેબની ઉપસ્થિતિમાં તમામ બાળકોને ભેટ આપવામાં આવી હતી.

કોબા સર્કલ પાસે અજાણી કારની ટક્કરે એકટીવા ચાલક યુવતિ ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર કોબાથી એપોલો સર્કલ તરફ ગત રાત્રીના સુમારે અજાણી કારના ચાલકે એકટીવાને ટક્કર મારતા યુવતિ નીચે પટકાતા શરીરે ઈજા પહોંચી હતી. બનાવ અંગે યુવતિએ પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદ નરોડા નોબલનગર સેકટર-૩ નંદીગ્રામ ખાતે રહેતી પાયલ રમેશકુમાર ચૌહાણ અમદાવાદ ખાતે છેલ્લા નવ માસથી નર્સ તરીકે ફરજ બજાવે છે. ગત રોજ સવારે પાયલ ઘરેથી નીકળીને વાંચન માટે રાધે લાયબ્રેરી આવી હતી. ત્યાંથી રાત્રીના નવ વાગ્યાની આસપાસ તે ઘરે જવા માટે નીકળી હતી. ત્યારે કોબાથી એપોલો સર્કલ તરફ જવાના માર્ગ પર એકટીવા નં. જી.જે.૦૧. પી.યુ.-૦૮૪૩ લઈને પસાર થઈ રહી હતી. તે સમયે અચાનક પાછળથી આવી રહેલી કારના ચાલકે ટક્કર મારતા તેણી નીચે પટકાઈ હતી. તેની ડાબી આંખ પર અને હાથે પગે છોલાઈ ગઈ હતી. અકસ્માતને પગલે એકઠા થઈ ગયેલા નાગરીકો એકઠા થઈ ગયા હતા. બનાવ અંગે ઈજાગ્રસ્ત યુવતિએ પોલીસ મથકે અજાણ્યા કાર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

ડિસેમ્બર માસમાં કચ્છ મિત્ર મંડળ દ્વારા કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

કચ્છ મિત્ર મંડળ દ્વારા ડિસેમ્બર માસના ત્રીજા રવિવારે બાળકોના સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા બાળકોની માર્કશીટ ૩૦ નવેમ્બર સુધીમાં સ્થાનિક પ્રતિનિધિને પહોંચાડવા તથા કાર્યક્રમમાં કૃતિ રજૂ કરવા માંગતા હોય તેની વિગત સથે રમતગમત શિક્ષણ અથવા કોઈ પણ ક્ષેત્રમાં વિશિષ્ટ સિધ્ધિ મેળવેલી હોય તેમણે વર્ષાબેન મહેતા મો. ૯૪૨૮૦૪૯૦૦૮નો સંપર્ક કરવા તથા વધુ મહિતી માટે ૯૪૨૭૮૦૧૪૦૩, ૯૮૨૫૦૨૯૩૪૦નો સંપર્ક કરવા સંસ્થાના મંત્રી દ્વારા જણાવાયું છે.

શાહપુર ચોકડી પાસે કેળાના રૂપીયા માંગતા યુવક પર ત્રણ શખ્સોનો હુમલો

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર શહેરને અડીને આવેલ શાહપુર ચોકડી પાસે કેળાની લારી ચલાવતા યુવક પર હુમલાની ઘટના સામે આવી છે. ધોળાકુવા દંતાણીવાસમાં રહેતા ધનજી દંતાણી (ઉં.વ.૩૦) એ ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાવેલી ફરીયાદ મુજબ બે દિવસ પહેલા રાત્રીના ૯ વાગ્યાના અરસામાં પોતાની લારી પર ઉભા હતા. ત્યારે ગામના પિન્ટુ ઠાકોર, સુરેશ ઠાકોર આવ્યા હતા. પિન્ટુએ કેળા માંગતા ફરિયાદીએ ૬ કેળા આપ્યા હતા. જેને પિન્ટુએ કાચા છે કહી ફેંકી દીધા હતા. જેથી યુવકે બીજા ૧૨ કેળા આપીને પૈસા માંગ્યા હતા. જેને પગલે ઉશ્કેરાયેલા પિન્ટુએ ગાળાગાળી કરી છુટ્ટો પથ્થર મારતા ફરીયાદીને વાગ્યો હતો. આ સમયે સુરેશ પ્રતાપજી ઠાકોર અને ટુડુજી જવાનજી ઠાકોરે પણ યુવકને માર માર્યો હતો. મારામારીને પગલે નાગરીકો એકઠા થઈ જતા ત્રણેય ત્યાંથી ભાગી છુટ્યા હતા. યુવકને કપાળે લોહી નીકળતુ હોવાથી ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડાયો હતો. જયાં સારવાર બાદ ઘાયલ યુવકે ત્રણેય સામે ફરીયાદ નોંધાવી હતી.

સેકટર-૨૪માં ફટાકડાની લારીઓમાં ફટાકડાની ભરમાર જોવા મળી રહી છે. જો કે દિવાળી નજીક હોવા છતાં હજુ સુધી જોઈએ તેવી ઘરાકી નીકળી નથી. દુકાનદારો ઘરાકોની રાહ જોઈ રહ્યા છે.

ઘરની સાફ સફાઈનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે. દિવાળીના તહેવારો પહેલાં ગૃહિણીઓ ઘરની સાફ સફાઈનું તમામ કામ આરોપી લેવા માંગે છે. જો કે કેટલાક નાગરિકો ઘરની સાફ સફાઈ કરી કચરો અને નકામી ચીજવસ્તુઓ રોડની સાઈડે નાંખી રહ્યા છે જે ખુબ જ દુઃખદ બાબત છે.

ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિકસ ચેમ્પિયનશીપમાં ભાગ લેવા જિલ્લાના 'માસ્ટર્સ' ખેલાડીઓને આહવાન

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લામાં રમતગમત ક્ષેત્રે બાળકોથી માંડીને વયસ્કો સુધી પ્રતિભાઓ જોવા મળી રહી છે અને જિલ્લાના મોટી ઉંમરના 'માસ્ટર્સ' ખેલાડીઓ પણ પ્રતિવર્ષ વિવિધ સ્પર્ધાઓમાં યશસ્વી પ્રદર્શન કરે છે. જિલ્લાના ૩૫ થી ૯૫ વર્ષની આયુ ધરાવતા પુરુષ-મહિલા એથ્લેટિકસ ખેલાડીઓ માટે ફરી એકવાર તેમની ક્ષમતા દેખાડવાની તક આવી છે કેમ કે આગામી તા.૧૬ અને ૧૭ નવેમ્બર દરમિયાન રાજકોટ જિલ્લાના ઉપલેટા ખાતે સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિકસ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એથ્લેટિકસ ચેમ્પિનયશીપ તા. ૧૬ ને ૧૭ નવેમ્બર દરમિયાન રાજકોટ જિલ્લાના ઉપલેટા ખાતે યોજાશે. જેમાં આયોજકો દ્વારા ભાગ લેનારા માસ્ટર્સ ખેલાડીઓ માટે રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ચેમ્પિયનશીપમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓ ૩૫ થી ૯૫ વર્ષ સુધી દર પાંચ વર્ષના એજ ગ્રૂપમાં દોડ, કૂદ અને ફેંકની સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે જે માટે તેમણે તા.૩૦મી ઓકટોબર સુધીમાં પ્રવેશ ફોર્મ ભરી દેવાના રહેશે. પ્રવેશ ફોર્મ ભરવા માટે શહેરના સે-૭-બીમાં સે-૬/૭ની ચોકડી નજીક પ્લોટ નં. ૭૬૮/૧ ખાતે કે.કે. પટેલનો સંપર્ક સાધવાનો રહેશે. વધુ વિગત માટે તેમના મો.નં. ૯૮૯૮૬૧૬૮૦૮૦૫૨ સંપર્ક સાધી શકાશે તેવું ગાંધીનગર ડિસ્ટ્રીકટ માસ્ટર્સ એથ્લેટિકસ એસોસિએશનની અખબારી યાદીમાં જણાવાયું છે.

'તંદુરસ્ત હૃદયની કાળજી' અંગે નર્સિંગના વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા.૨૨

આજના ઝડપી અને ફાસ્ડ ફુડના યુગમાં હૃદય સંબંધિત બિમારીઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જણાય છે અને તંદુરસ્તીની જાળવણી માટે હૃદયની કાળજી લેવી અત્યંત આવશ્યક બનતી જઈ રહી છે. ગાંધીનગરના સેકટર-૧૨ સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે નર્સિંગના વિદ્યાર્થીઓ માટે 'તંદુસ્તી હૃદયની કાળજી' વિષયે એક માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડૉ. સુનિલ થાનવીએ 'ટેકીંગ કેર ઓફ હેલ્ધી હાર્ટ' વિષયે અને ડૉ. મૌલિક મોદીએ 'સીપીઆર ઈન ઈમર્જન્સી સિચ્યુએશન' વિષયે વકતવ્યો આપ્યા હતા જેમાં તેમણે વિદ્યાર્થીઓને પ્રાયોગિક રીતે પણ માર્ગદર્શન પુરું પાડયું હતું. કાર્યક્રમનું આયોજન ગીફટીંગ લાઈફ ફાઉન્ડેશનના સહયોથી પ્રો. હિમાલી પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના બીએસસી નર્સિંગના ૭૫ વિદ્યાર્થીઓ સહિત પ્રિન્સિપાલ રાજેશ રાવલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સેકટર-૨માં મનપા દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં મેયર શ્રીમતી રીટાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન જીગાબાપુ, મહેન્દ્રદાસ, આશિષભાઈ દવે, પ્રણવ પટેલ વગેરે પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુવી હાઉસ

પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

- **વોર**
  ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
- **છીછોરે**
  ૧.૦૦
- **ધ સ્કાય ઈઝ પિન્ક**
  ૭.૦૦
- **લાલ કપ્તાન**
  ૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૧૫
- **ડ્રીમગર્લ**
  ૧.૧૫
- **રઘુ સીએનજી (ગુજરાતી)**
  ૭.૩૦
- **ઘોસ્ટ**
  ૧૧.૩૦, ૮.૦૦
- **પી સે પ્યાર એફ સે ફરાર**
  ૨.૧૫
- **જોકર (અંગ્રેજી)**
  ૫.૧૫, ૧૦.૪૫

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- **લાલ કપ્તાન**
  ૧.૨૫, ૭.૨૦, ૧૦.૩૦
- **ઘોસ્ટ**
  ૧૧.૨૫, ૪.૩૫
- **રઘુ સીએનજી (ગુજરાતી)**
  ૮.૦૦
- **વોર**
  ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૪.૫૫, ૭.૦૫, ૧૦.૧૫
- **ધ સ્કાય ઈઝ પિન્ક**
  ૧૦.૨૦, ૧૦.૩૦
- **જોકર (અંગ્રેજી)**
  ૧૦.૦૫, ૨.૫૫, ૭.૫૦, ૧૦.૩૦

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

- **લાલ કપ્તાન**
  ૯.૦૦, ૩.૧૫, ૬.૩૫, ૯.૪૫
- **ઘોસ્ટ**
  ૯.૩૫, ૨.૫૫, ૧૦.૫૦
- **પી સે પ્યાર એફ સે ફરાર**
  ૧૨.૧૫, ૫.૩૫
- **લાઈફ મેં ટાઈમ નહીં કે કીસી કો**
  ૧૧.૩૫
- **વોર**
  ૯.૪૫, ૧૨.૦૦, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૯.૦૫, ૧૦.૦૫
- **ધ સ્કાય ઈઝ પિન્ક**
  ૯.૪૫, ૩.૦૫, ૬.૦૫
- **રઘુ સીએનજી (ગુજરાતી)**
  ૯.૪૫
- **જોકર (અંગ્રેજી)**
  ૧૨.૪૫, ૮.૧૫

આજે ગાંધીનગરમાં

- વૈદ્ય પંચકર્મ સરકારી આયુર્વેદ હોસ્પિટલ સે-૨૨ ખાતે સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન સુવર્ણ પ્રાશનના ટીપા પીવડાવવામાં આવશે.

ચિરવિદાય

- સ્વ. હંસાબેન સોમાભાઈ રબારી, ઉ.વ. ૮૫
- સ્વ. જશીબેન ગાંડાલાલ નાયી, ઉ.વ. ૬૫